# B. A. DEPARTMENT

# T. Y. B. A. Semester 6

SUBJECT:- **ગુજરાતી**

TOPIC:- **ગુજરાતી ભાષાનો વિકાસક્રમ**

## UNIT:-1

## CHAPTER:- 2

**ગુજરાતી ભાષાનો વિકાસક્રમ : એની ત્રણ ભૂમિકાના/મહત્ત્વના ભાષાકી લક્ષણોના પરિચય સાથે વિસ્તારથી દર્શાવો.**

(1) વિષયપ્રવેશ

(2) ગુજરાતી ભાષાનો ઉદ્ભવ

(3) વિવિધ મતો અને તેના દ્વારા તારણ

(4) 'ગુજરાતી' શબ્દનો પ્રયોગ

(5) ગુજરાતી ભાષાનો વિકાસક્રમ

(6) નરસિંહરાવ દિવેટિયાને મતે

(7) **કે. કા. શાસ્ત્રીના મત પ્રમાણે**

(8) **પ્રાચીન યુગ**

(9) **મધ્ય યુગ**

(10) **પ્રસિદ્ધ ગુજરાતી-રચનાઓ**

(11) **અવર્ચીન સ્વરૂપમાં પ્રવેશ**

(12) **અવાચીન ગુજરાતી ભાષા**

**(૧૩) સ્વતંત્રભાષા**

(14) **મુખ્ય મુખ્ય લાક્ષણિકતાઓ**

(15) **સમાપન**

## (1) વિષયપ્રવેશ

અનેકવિધ તબક્કાઓમાંથી પસાર થઈને અત્યારના વિકસિત રૂપને પામેલી ગુજરાતી ભાષાના ઉદ્ભવથી માંડીને આજદિન સુધીના ક્રમિક વિકાસને આલેખવાનો આ હર સ્તુત્ય પ્રયાસ છે. વિભિન્ન રાજય-શાસનો, ભાષાકીય આક્રમણો, સંક્રમણો, આદાનપ્રદાન, રાજકીય ઊથલપાથલો, અનેકવિધ ચિત્ર-વિચિત્ર પ્રજો ઓનાં આવાગમનો, વિધવિધ યુગ વિભાજનો – આ સર્વની વચ્ચે પણ ગુજરાતી ભાષા કેવા કેવા સ્વરૂપે, પ્રકારે અને નિરંતર પરિવર્તનશીલ, વિકાસશીલ રહી અને અત્યારની યશસ્વી સ્થિતિને પામી, તેનો વિગતવાર સદૃષ્ટાંત આલેખ આપવાનો અહીં ભાષાશારદીય અભિગમ રાખવામાં આવ્યો છે.

## (2) ગુજરાતી ભાષાનો ઉદ્ભવ

અપભ્રંશે એ પ્રાચીન ગુજરાતી ભાષાનું પહેલું અથવા તો પૂર્વરૂપ છે એટલે કે, સૌરસેની, અપભ્રંશમાંથી પ્રાચીન ગુજરાતી ભાષાનો ઉદ્ભવ થયો છે. બીજી રીતે કહીએ તો ગુજરાતી ભાષાની વ્યુત્પત્તિ હેમચંદ્રાચાર્યે ન ઘેલી અપભ્રંશમાંથી ક્રમશઃ વિકાસ પામીને થઈ છે.

## (૩) વિવિધ મતો અને તેના દ્વારા તારણ

કે.કા.શાસ્ત્રી ઉહ્રી સદીની ગુજરાતી ભાષાને પ્રાચીન ગુજરાતી ઉપરાંત ગૌર્જર અપભ્રંશ'ને નામે ઓળખાવે છે. હેમચંદ્રચર્ય અપભ્રંશાની જે વિચારણા કરી છે અન રમે રખપNશ વાસ્તવમાં, ગીર્જર અપભ્રંશ જ છે .આ અપભ્રંશોનું રૂપ વિકસતો વિકસતી 14મી સદી આવતાં સુધીમાં મિન્ રીતે ઓળખાય તેવી ગુજરાતી બની, રસિકરાવ દિવેટિયા 11મી સદીથી 14મી સદી સુધીની ભાષાને ૂની ગુજરાતની જયારે પીવાલ જેવા વિદ્વાનો માને છે કે, પ્રત્યેક પ્રા કૃતને પોતાની અપભ્રંશ થતી હેમચંદ્રાચાર્યના 'સિ હેમ શ દાનુશાસનની ભાષા પણ શૌરસેની અપભ્રંશ છે અને તે સમયે ગુજરાતમાં બોલાતી હો તથા અ ય નામ ગૌર્જર અપભ્રંશ પણ હોઈ શકે છે, આમ છતાં ભાષા વિદ્વાન માકોલી તેને 'નાગર અપભ્રંશ' તરીકે ઓળખાવે છે. પરંતુ શૌરસેની અથવા તો ગૌર્જર તરીકે ઓળખાવતા નથી આ વિધાન કે મતને નજર સમ લેતાં ડો, ભાયાણી યો ય જ લખે છે !

'ગુજરાતીભાષાના ઉદ્ગમ તથા ઘડતરના અભ્યાસ માટેના એક પ્રાચીનતમ સાધન તરીકે હેમચંદ્રાચાર્ય અપભ્રંશનો પૂરતો ઊંડાણથી અભ્યાસ કરાય, એ ગુજરાતી ભાષાશાસ્ત્રની તાત્કાલિક પૂરવી ઘટે તેવી અપે ા છે * એટલે કે, હેમચંદ્રીય અપભ્રંશને પ્રાચીન ગુજરાતી સાથે સીધો સંબંધ છે, તે સ્પષ્ટ હકીકત છે.

## (4) 'ગુજરાતી' શબ્દનો પ્રયોગ

ગુજરાતી ભાષાનો પ્રથમ નામો લેખ 'ગુર્જર ભાષા' એ નામથી ભાલણના "નળાખ્યાન'માં અને 'દશમસ્કંધ'માં જોવા મળે છે. હું 'ગુર્જર ભાષાના ગુણ મનોહર ગાઉ' ગુર્જર દેશમાં જે ભાષા બોલાય છે તે ગુર્જર ભાષા, પદ્મનાભના સમયગાળામાં આ પ્રદેશનું નામ ગુજરાત' હતું. કે.કા.શાસ્ત્રી આ કારણથી જ પૂર્વના ઉ લેખોમાં ભાગ

(1) ગુરજરધર

(2) ગુજરદેશ

(3) ગુર્જરસામંડલ

(4) ગુર્જસાભૂમિ

(5) ગુરજજતા

(6) ગુર્જરતા

(7) ગુજરાત

જેવા શ દો દશવિ છે - નોધિ છે. પોતાના યુગની ખાખ્યાન શિરોમણિ અને અત્યંત લોકપ્રિય કવિ પ્રેમાન દ રચના 'નાગદમણ'માં 'બધું નાગદમન ગુજરાતી ભાષા' એ પ્રમાણો ગુજરાતી શ દ, નામ પ્રયોજે છે. ભલે વિવિધ તબક્કાઓમાં ગુર્જર, ગુર્જરી વગેરે નામોથી આ ભાષા ઓળખ, પરંતુ ઈ.સ 1456થી 'ગુજરાતી' શ દપ્રયોગ શરૂ થયો છે.

## (5) ગુજરાતી ભાષાનો વિકાસક્રમ

વાસ્તવિક દૃષ્ટિથી તપાસતાં ગુજરાતી ભાષાના **ત્રણ યુગો** જોવામાં આવે છે.

(1) ઈ. સ. 1000 કે 1100 થી ઈ. સ. 1400 સુધીનો પ્રથમયુર

(2) ઈ. સ. 1500 થી ઈ. સ 1700 - બીજો યુગ

(3) ઈ. સ. 1800 થી શરૂ થતો ત્રીજો યુગ

**ત્રણ ભાષાઓ** :

(1) પ્રથમ યુગની ભાષા અપભ્રંશ અથવા પ્રાચીન ગુજરાતી છે.

(2) બીજા યુગની ભાષા ગુજરાતી જે સામા ય રીતે હાલમાં ' ૂની ગુજરાતી'ના નામથી ઓળખાય છે.મધ્યકાલીન કહેવી યો ય છે.

(3)'ત્રીજા યુગની ગુજરાતી ભાષાને અવાચીન ગુજરાતી સંજ્ઞા આપવા મતભેદ છે જ નહીં' - કેશવ હર્ષદ ધ્રુવ

## (6) નરસિંહરાવ દિવેટિયાને મતે

ગુજરાતી ભાષાના વિકાસક્રમ બાબત ભિન્ન ભિન્ન વિદ્વાનોના ભિન્ન ભિન્ન પ્રર્વત છે. તેમાં નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનો મહત્ત્વપૂર્ણ મત આ પ્રમાણે ઈ. સ. 1100 સુધીની ભાષા-એપભ્રંશ ઈ. સ. 1300 સુધીની ભાષા - મધ્ય અપભ્રંશ 8. . 1400 થી 1550 સુધીની ભાષા - પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની ઈ. સ. 1551 થી ઈ.સ. 1850 સુધીની ભાષા - ૂની ગુજરાત ઈ. સ. 1651 થી ઈ. સ. 1750 સુધીની ભાષા - મેધ્ય ગુજરાતી ઈ. સ. 1751થી આજ સુધીની ભાષા - અર્વાચીન ગુજરાતી

## (7) કે. કા. શાસ્ત્રીના મત પ્રમાણે

**ગૌર્જર અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી, તેની બે ભુમિકાઓ** :

(1) પ્રથમ ભૂમિકા છે સ 11મી સદી સુધી

(2) બીજી ભૂમિકા - ઈ. સ. 11થી 14મીસુધી

**સદી ગુર્જર કે મધ્ય ગુજરાતી, તેની વિવિધ ચાર ભૂમિકાઓ**

(1) પ્રથમ ભૂમિકા ઈ સ 1350 I S . 1425

(2) બીજી ભૂમિકા ઈ. સ. 1425 ell S.a. 1500 સુધી \\

(3) ત્રીજી ભૂમિકા ઈ સ. 1500 I S.a. 1657

(4) ચોથી ભૂમિકા ઈ. સ. 1657 થી ઈસ. 1750 સુધી

**3 અર્વાચીન ગુજરાતી તેની બે ભૂમિકાઓ** :

(1) પ્રથમ ભૂમિકા - ઈ. સ. 1750 થી ઈ.સ. 1925 સુધી

(2) બીજી ભૂમિકા - ઈ.સ. 1825 થી ઈ. સ. ચાલુ (આજ સુધી)

**તારણ** : ગુજરાતી ભાષાની આ વિવિધ વિકાસભૂમિકાઓ ઉપર દૃષ્ટિપાત કરતાં એમ ફળિત-સાબિત થાય છે કે, ઈ.સ. 1100 સુધી અપભ્રંશ ભાષા પ્રચલિત હતી તે તેને પછી બે-એક શતક સુધી એ જે નામ પ્રચલિત રહ્યું ત્યારબાદ ઈ.સ 1400 થી અથવા તો ઈ.સ. 1300 ના અંત ભાગથી ' ુની ગુજરાતી' માં અથવા તો 'પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની' (Old Rajasthani) ભાષાનો ઉદ્ભવ થયો. આ પછી એકાદ શતક સુધી ગુજરાતી અને મારવાડીનાં વિશિષ્ટ લ  ણોવિક્સાવવાનો આરંભ થયો.

પ્રેમાનંદના સમયથી (17મી સદીથી) ગુજરાતી ભાષા તેના અવચીન સ્વરૂપ પ્રતિ ઢળતી જણાય છે તથા નર્મદના સમયમાં અંગ્રેજી ભાષાના સંપર્કથી સંપૂર્ણ અવચીન સ્વરૂપ * પામતી થાય છે. આ રીતે ગુજરાતી ભાષાના ત્રણ નિશ્ચિત તબક્કા પડે છે. તે આ પ્રમાણે છે : ત્રણ તબક્કાઓ :

(1) પ્રથમ તબક્કો : હેમચંદ્રથી પદ્મનાભ તથા ભાલણ સુધી ઈ.સ. 1400 થી સ 1500 સુધીનો પ્રાચીન યુ ગ

(૨) બીજો તબક્કો : દયારામ સુધી ઈ.સ. 1600 થી ઈ.સ. 1800 સુધી - મધ્યકાલીન ગુજરાતી

(૩) ત્રીજો તબક્કો : નર્મદથી અવચીન ગુજરાતીનો યુગ

## (8) પ્રાચીન યુગ

પ્રાચીન ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય-સર્જન થયું છે તેમાંનું કરે સાણિય તો સ્વચે ભાષાના પ્રાભૂષણ જૈનલ કારરૂપ છે કેટલુંક પ્રસિ  થયું છે અને કરેલ જૈન તથા જૈનેતર એમ ઉભય પ્રકારનું છે.

રાષ્ટ્રભાષા ઈ સે પ્રથમ શતા  દીથી વ્યાપકપણે બોલચાલની ભાષા હતી 'અપકા ઈ સં. ની દશમી શતા  દી સુધીમાં તો સમગ્ર દેશની રાષ્ટ્રભાષા બની ચૂકી હતી

આ સમયાવધિમાં દિગંબર જૈન કવિઓએ અને 10 શતા  દીથી તાંબર કે. કવિઓને અને સંથકારોએ મોટા મોટા પધગ્રંથોની રચનાખો કરી હતી. આમ છતા ઈ.સ. 11ની શતા  દી સુધીમાં અને કોઈ વિદ્વાને સુવ્યવસ્થિત રીતે વ્યાકરણબ  કરી , થતી M મોટું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું' | ઈ. સ ની 12મી શતા  દીમાં હેમચંદ્રાચાર્યે. તેમષે 12મી શતા  દીના મધ્યભાગમાં ^અણહિલપુર પાટણમાં રહીને અનેક ગ્રંથોનું સર્જન કર્યું છે. જેમાં 'સિ  હેમ' નામના રોસ્કૃત-પ્રાકૃત વ્યાકરણની રચના કરી. તેમાં પધો દોહાઓ દૃષ્ટાત્તારૂપે આપ્યાં છે. તેમાં કેટલાક અવતરણો સાહિત્યિક નહિ પણ લોકબોલીના સ્થાનિક અપભ્રંશાની લા  ણિકતાવાળા પ્રત્યયો લગાડી રૂપરચના સાધવામાં આવી હતી. હેમચંદ્ર આપેલા અપભ્રંશમાં વધુ સરળતા તરફ જવાનો આરંભ થઈ ચૂક્યો હતો તેમાં સંસ્કૃત શ  દોનું ભારણ સ્પષ્ટ દેખાય છે

સાહિત્યસર્જન : દૃષ્ટા  તરૂપે ?

'જો ગુણ ગોષ્પઈ અપ્પણા, પયડા કર ઈ પરસ્સે |

નર્યું હઉ કલિ ુગ દુ  લકડો બલિ કિજ્જઉસુણસુ ||'

મી શતા  દીમાં ગુજરાતી ભાષા હજી ઘડાતી આવે છે આથી એ સમયમાં ઓછું. સાહિત્ય સર્જાય છે - સંજોયું છે માત્ર

1. 'ભરતેશ્વર બાહુબલિરાસ"

2. રેવથીરિરસુ

3.'નેમિનાથ ચતુષ્પાદિકા'

4 'આરાધના'

5. 'અતિચાર '

- જેવી રચનાઓ જ રચાઈ છે.

આ શતકની ભાષા અપભ્રંશથી ભિન્ન છે.

શિવ પબષિાસુ શસહ છંદિર તે જ  મનહર મન આદિહિં ભણિયું વાસુ રવંતગિરે એબિ કાદિ વિ સુમેરવિ'

અનઈ સંસાર. તણા પ્રતિભઉ મ કરિસીં; મેહુ ગજ્જઈ વિરોહરિ વિજ્જઈ દેહ - ૧

મો પબણિરા, ભણિયું - જેવાં ભવિષ્યકાળનાં, આદિણિ જેવાં તૃતીયા, ગજ્જઈ અને વિજઈ જેવી ક્રિયારૂપો જોવા મળે છે. 'ભરતેશ્વર બાહુબલિરાસ'ની ભાષા અને રેવંતગિરિરાસુ'ની ભાષા અપભ્રંશની નજીકની ભાષા જણાય છે.

વિવિધ રચનાઓ 14માં શતકની સાહિત્યરચનાઓ ?

1 ‘ક ફલી રાસ' (ઈ. સ. 1307) 1.

2. ‘સિરિસ્થૂલિભદ્ર ફાગુ' (ઈ. સ. 1324)

3 ‘નેમિનાથ ફાગુ' અને 'વસંત વિલાસ' (ઈ.સ.1350)

4. હંસાઉલિ' (ઈ. સ. 1961)

5 ‘મુ ધાવબોધ મૌક્તિક' (ઈ.સ.1994)

6. ‘રણમલ છંદ' (ઈ. સ. 1997)

વગેરે સાહિત્યિક રચનાઓનો સમાવેશ થાય છે. લ ણ તથા રૂપઃ આ શતકની ભાષામાં નિઃશંકપણે અપભ્રંશનાં કવચિત લ ણો વ્યક્ત થાય છે, એમ કહી શકાય. તો કેટલાંક સ્વરૂપો, જેવા કે –**‘મોકલાવઈ**? **‘ગહગહયા**' જેવાં ગુજરાતી રૂપનાં આખ્યાનિક જણાય છે.

## (9) **મધ્ય યુગ**

આ પછી અર્થાતુ 14મી સદીના અંત સુધીમાં અપભ્રંશની લા ણિકતાઓ લગભગ ઘસાઈ જવા આવે છે. ૂની ગુજરાતીનો યુગ પૂર્ણ થઈને મધ્ય ગુજરાતી યુગનો આરંભ થાય છે.

**વિવિધ નામ** : ઉત્તર ગૌર્જર અપભ્રંશમાંથી ક્રમે ક્રમે વિકાસ પામેલી ભાષાઓનું નામ આપણે ત્યાં મધ્યકાલીન ગુજરાતી' તરીકે સ્વીકારાયું છે.

**ડૉ. તેસ્સિતોરી આ જ ભાષાને ‘જૂની પશ્ચિમ રાજસ્થાની' કહે છે.**

વળી, ઉમાશંકર જોશી અને ‘મારૂં ગુર્જર' એવું નામ આપે છે નામ અને વિવિષ મત જોવા મળે છે.મારવાડી વગેરે ભાષાઓથી ગુજરાતી ભાષાની લા ણિકતાઓ અલગ પડીને આ ભાષાને 16મી સદીના આરંભમાં પાળ. વતની અને ગુજરાતી આખ્યાન સાહિત્યના પિતા એવા ભાલો, પોતાની ‘કાદંબરી'માં ‘ગુર્જર ભાષા’ કહી છે. ' તથા

'દરામ રકંધુ' જેવી પ્રસિ   તથા લોકપ્રિય સારા રચનાઓમાં પણ આ જ નામ ('ગુર્જર ભાષા') આવે છે. આ સર્વ વિગતો, હકીકતો, દૃષ્ટા  તો દ્વારા સહેજે એવું ફલિત થાય છે 'મધ્યકાલીન ગુજરાતી' તરીકે  ્ની પશ્ચિમ રાજસ્થાની' તરીકે ગણવામાં આવેલી ભૂમિકાનું પ્રચલિત નામ 'ગુર્જર ભાષા' છે.

'મધ્યકાલીન ગુજરાતી (પ્રથમ નામ)

' ્ની પશ્ચિમ રાજસ્થાની" (બી ું નામ)

'ગુર્જર ભાષા' (પ્રચલિત નામ)

## (10) **પ્રસિદ્ધ ગુજરાતી-રચનાઓ**

આ 15મી શતા  દીની કેટલીક સાહિત્યિક રચનાઓ જેટલી પ્રસિ   છે, તેટલી લોકપ્રિય અને એટલી જ ગુણવત્તાવાળી છે. તેમાંની કેટલીક ;

અનુક્રમ.   સિહિત્યરચના.

૧   પ્રો  ધ ચિંતામણી

૨   'સદયવત્સચરિત્ર'.

3   પ્રસિ   કાવ્ય-રચનાઓ

૪   'પૃથ્વીચંદ્રચરિત'

૫   કાદબરી

'૭   દશમસ્કંધ'

૮ ‘કા હડદે પ્રબંધ'

## ગુજરાતીપણું

આ સાહિત્યિક રચનાઓ ઉપરાંત પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનોખા તેજસ્વી પ્રકારો છે. તેમાં ‘સદયવત્સ ચરિત્ર', 'પૃથ્વીચંદ્ર ચરિત' જેવી અનેક વિશેષ સાહિત્યિક રચનાઓનો સમાવેશ થાય છે, તે અંગેના વિવિધ દૃણ તો

1 ‘નયણાસરોવર’ મીતિજલે નેહિઈ નીર પિયંતિ ‘

૨ પદ્યુત નપલ, નીિ વીન વિલે શ્રી સનિદેવ ભુપાલ’

3 ‘પદ્મનાભ પુછઈ સોમઈયા કેથઉ કરિઉ ત્રિશુલ'

આ અને આવાં અ ય દાંતોને આધારે તથા તેની ભાષા-અભિવ્યક્તિ વગેરે દ્વારા એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે, આ શતકની ભાષા સવિશેષપણે ગુજરાતીપણું ધારણ કરે છે !

## (11) અવિચીન સ્વરૂપમાં પ્રવેશ

આ 15મી શતા દીમાં, અ ય પૂર્વોત્તર શતા દીઓની સરખામણીમાં પ્રમાણમાં કાવ્યસર્જનકાર્ય ઓછું-અ પ થયું જણાય છે. તેમ છતાં આ યુગમાં બ્રાહ્મણ જૈિનેતર)

કવિઓમાં :- ના કર,મધુસૂદન વ્યાસ, નરપતિ, વિપાદાસ,વિશ્વન

કાવ્યરચનું:- “હંસાવતી' તથા ‘વિક્રમ ચરિત્ર,‘નંદબત્રીસી' (તેનાં આખ્યાનો) (તની રચનાઓ)

સમય:- ઈ સ. 1516થી ઈ સ .21. 1568 ઈ સ1500,ઈ. સ. 1504., ઈ.સ. 1568,ઈ. સ. 161

17મી શતા દીના મધ્યભાગમાં (એટલે કે, ઈ સ, 1950ની આસપાસ) અને ઐસે_ ભાગ (એટલે કે ઈ. સ. 1670 પછી) અખા (અકાય ભગત) ની અને પ્રેમાન (પર્ક સાહિત્યરચનાઓ મોટે ભાગે અવર્ચીન ગુજરાતી ભાષાની વિકસિત ભૂમિકામાં ૨, ૩ છે.જોવા મળે છે. દા.ત.

**'સુષ્ટિ કરતાં બ્રહ્માજીએ ભર્યું તેજનું પાત્ર,**

કેવી સમર્થ, આલંકારિક, કલ્પનાસમૃ , અર્વાચીન ભૂમિકાવાળી અને ગુજરાતી ભાષા ! આ ઉપરાંત જ્ઞાની કવિ અ ય ભગત (અખો) તેના છપ્પાઓ દ્વારા પણ ! અવર્ચીન સ્વરૂપનો સુંદર પરિચય આપે છે. દા.ત. 'આંધળો સસરો ને શણગટ વહુ' . થોડાક અવશિષ્ટ રહેલા ૂની ગુજરાતીના શ દોની બાદબાકી કરતાં બાકીનું ભાષાસ્વ? બહુધા અવાંચીન છે. ને

દયારામની (ઈ.સ. 1777 થી ઈ.સ.1852) સાહિત્યકૃતિઓમાં તો વળી એથીયે પક સવિશેષ અવાંચીન તત્ત્વ નજરે ચડે છે. દા.ત. }

**'ઊભા રહો તો ક ં વાતડી બિહારીલાલ'**

જેવી રચનાઓમાં આ અવાંચીનતા સવિશેષ સિ થયેલી છે.

**ગુજરાતી નામ** : આમ છતાં ગુર્જર ભાષાને 'ગુજરાતી ભાષા' એવું નામ પ્રેમાનંદ આપે છે. વળી, ગુજરાતી ભાષાની અર્વાચીનતાનો એક તબક્કો દયારામની ભાષામાં સંપૂર્ણ થતાં અંગ્રેજી ભાષાના પ્રભાવથી નર્મદના સમયથી નવો, બીજો તબક્કો શરૂ થયો. જે આજ સુધી વિકાસરૂપે ચાલુ છે.

## (12) અવાચીન ગુજરાતી ભાષા

કે. કા.શાસ્ત્રી અર્વાચીન ગુજરાતી ભાષાનો આરંભ 17મી શતા  દીના ઉત્તરાર્ધથી થયેલો ગણાવે છે. ત્યારથી તે સાહિત્યસર્જનમાં સમાદર પામી છે.

અંગ્રેજી શાસનકાળમાં નવી કેળળણીનાં પગરણ મંડાયા હતાં. આપણા અવચિીનનેતર ગુજરાતી ભાષાના આદ્ય લેખકોમાં કવિ દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી તથા કવિ નર્મદાશંકર લાલશંકર દવે અગ્રગણ્ય છે. નર્મદે ગુજરાતી ગદ્ય તથા પધ સ્વરૂપોનો પ્રબળતાથી, એક નિષ્ઠાથી અને 'સરસ્વતીને ખોળે માથું મૂકીને' વિકાસ કર્યો. અ  ય ભાષાઓના પ્રભાવ સહિત ગુજરાતી ભાષાએ પોતાનું અવચિીન સ્વરૂપ ધારણ કર્યું.

**લક્ષણો** : 'ઘડિયાળની ચક્રગતિથી ભાષાઉત્કા તિનું ચક્ર ફરતું રહે છે.' આ વિધાન આપણી ગુજરાતી ભાષાને પણ એટલું જ લાગુ પડે છે, જેટલું અ  ય ભાષામોને લાગુ પડે છે. પ્રાચીન ગુજરાતી ભાષામાં અનુનાસિક અને અનુસ્વારના ભેદ લુપ્ત થયા હતા, જે અવાચીન ગુજરાતી ભાષામાં પુનજીવિત થતા જાય છે ! આ ઉપરથી એમ જણાય છે કે, આવાંચીન ગુજરાતી ભાષાનું વલણ કંઈક અંશે સંસ્કૃત તથા પ્રાકૃતો તરફ ઢળતું હોય અથવા 'શિષ્ટ' ના વિવિષ ખ્યાલોથી અનુસ્વારને યો  ય રીતે વ્યક્ત કરવામાં આવે છે. દા.ત. 'શ્રી પુરુષો જતાં હતાં' વગેરે.

અવચિીન ગુજરાતી ભાષામાં ઉચ્ચારણમાં અને ધ્વનિમોમાં પરિવર્તન થાય છે અને યથાસભ્ય થતાં રહેશે. નવી કહેવતો, નવા શ  દો, નવા વાક્ય-પ્રયોગો વગેરે ગુજરાતી સિવાયની અ  ય ભાષાઓમાં પણ જોઈ શકીએ છીએ, તેવી જ રીતે ગુજરાતી ભાષામુંમાં પણ જોવા મળે છે.

દા.ત.

1. 'રોકેટની ઝડપે જા અને પુટનિકની ઝડપે પાછો આવ '

2. 'વરણાગીમાં વાળુ, ઘરેણાં ઘડિયાળ *

એક જમાનામાં નૂતનતર ભાષાપ્રયોગો થશે, ભૂતકાળના લાંબા અને નક્કર અનુભવને આધારે એમ કહી શકાય કે, આજથી 500 વર્ષ પછીની ગુજરાતી ભાષા, આજની ભાષા કરતાં અવશ્ય લ   ણભેદે ભિન્ન, વિશિષ્ટ હશે ! લિપિમાં પણ પરિવર્તન થશે.

## (૧૩) સ્વતંત્રભાષા

કોલકમાનુસાર પ્રાકૃત વિવિધ અપભ્રંશોમાંથી ભારતીય-આર્યભાષાઓ વિકાસ પામી 'આ નિરંતર, સ્વાભાવિક, અનાયાસ વિકાસના સોપાનમાં અપભ્રંશ બે વિભાગોમાં ભિક્ત થતી જોવા મળે છે ?

પ્રથમ વિભાગ - ચારણી ભાષા

બીજો વિભાગ આપણી અવાંચીન ભાષાઓ

ચારણી ભાષા વાસ્તવમાં અપભ્રંશાને જાળવી રાખવા પ્રયાસ કરતી હતી સમજવાનો પ્રયાસ કરનાર સમજદાર વર્ગ તે વેળા ન હોવાથી, તે પ્રયાસ નિષ્ઠા તે ભાષા વિકૃત થઈ. તેનું આ વિકૃત સ્વરૂપ ‘અવહંદ' તરીકે ઓળખાવા ધીરે ધીરે રાજદરબારોમાં સારું રથાન-માન પ્રાપ્ત કર્યું,

અપકોશમાંથી વિકસતિ ભિન્ન ભિન્ન સ્વરૂપોએ સાહિત્યિક આ કાર પરથ અને તે સૌ કમે કમે લિપિભ થયાં. વખત જતાં આ ભિન્નતા વધતી ગઈ વખત એવો આવ્યો કે, એક ભાષા બોલનાર બીજી ભાષા સમજી ન શકે, તેટલી તે પડી ગઈ ! ગુજરાતી, મારવાડી, રાજસ્થાની વગેરે ભાષાઓ આ પ્રમાણે 15મી માતા આસપાસ પરસ્પરથી છૂટી પડી અને તદ્દન સ્વતંત્રપે, સ્વતંત્ર સ્વરૂપે વિકસવા લઇ આમ, વિવિધ ભાષાઓ સ્વતંત્ર અસ્તિત્વ, વિકાસ, સ્વરૂપ પામી

## (14) મુખ્ય મુખ્ય લાક્ષણિકતાઓ

આચાર્ય હેમચંદ્ર વીર વિક્રમ સંવતની લગભગ 12મી શતા દીમાં ‘સિ વ્યાકરણની ન ધપાત્ર રચના કરી. તેમાં હેમચંદ્ર અપભ્રંશ વિષે પ્રમાણમાં ઘણી વિના વિચારણા કરી છે અને માહિતી નિરૂપણ પણ કર્યું છે. અત્યાર સુધી પ્રાકૃતમાં જે જે ધ્વનિઓ હતા, તે તે ધ્વનિઓ અપભ્રંશમાં એમ ને એમ જળવાયાં છે.

અપભ્રંશના શ દારંભે ન હોય અને સંયુક્ત ન હોય એવા 'ન'નો અનુનાસિક સંબંધદર્શક આ શ દોનો સંબંધ જરૂરી અને આધુનિક ગુજરાતી ભાષા સાથે જ યા બીજી રીતે છે જ, પ્રાકૃતના સમયમાં કારકોનાં રૂપો ઓછા થઈ જવાની પ્રક્રિયા અપભ્રંશમાં પણ છે. અપભ્રંશમાં શ દનાં રૂપો 6 જ રહ્યાં. સંસ્કૃત ભાષાનું બંધારશે

ક્રમશઃ ઘસાતું ગયું અને વ્યસ્ત બ યું જે અપભ્રંશમાં સ્પષ્ટ જોઇ શકાય છે. વિભક્તિ પ્રત્યયોને બદલે અનુગોનું મહત્ત્વ સમાણું (સામે), વિષ્ણુ (વિના), સંબંધ આ ભાષામાં તદ્દ્ભવ શ દોનું વિશેષ પ્રમાણ છે. તે પછી દૃશ્ય, ને પછી.

21 આમ તે જ પ્રમાણે તથા ઘટતે ક્રમે અરબી, ફારસી, તુક વગેરે શ દો પણ પ્રમાણભેદે સ્થાન ધરાવે છે. તેનાં મુખ્ય કારણોમાં બહારના લોકો સાથેનો સંપર્ક, ભાષાની આદાન પ્રદાન-પ્રક્રિયા અને વિવિધ ઉચ્ચારણભેદો વગેરેને ગણાવી શકાય. આ અપભ્રંશ ભાષાપ્રાચીન અને અર્વાચીન ગુજરાતી ભાષાની જનની ગણાય છે.

## (15) સમાપન

આ રીતે ગુજરાતી ભાષાના ઉદ્ભવ તથા તેના વિકાસક્રમમાં આપણે વિવિધ મતો, તારણ, 'ગુજરાતી' શ દપ્રયોગ, ગુજરાતી ભાષાનો વિકાસક્રમ, તેના વિવિધ મતો, ત્રણ નબક્કાઓ, પ્રાચીનયુગ, સાહિત્ય-સર્જન, 'ગુજરાતી' નામ, અર્વાચીન ગુજરાતી ભાષા, નાં લ ણો, સ્વતંત્ર ભાષા, તેની મુખ્ય મુખ્ય લા ણિકતાઓ – આટલાં સોપાન ક્રમબ , ગતવાર તથા તુલનાત્મક દૃષ્ટિકોણથી તપાસ્યાં.